BRAMPTON **Service and Information Update**

# આ દિવાળી સુરક્ષિતપણે ઉજવો!

## *સીટી ઓફ બ્રેમ્પટન ફટાકડાને લગતા સુરક્ષા સૂચનો અને માર્ગરેખાઓ જણાવે છે*

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (ઓક્ટોબર 21, 2021) – સીટી ઓફ બ્રેમ્પટન રહેવાસીઓને નવેમ્બર 4 નાં રોજ દિવાળી પર્વ પર ફટાકડાં ઉપયોગમાં લેતી વખતે સુરક્ષિત રહેવાના મહત્વની યાદ અપાવે છે. સમુદાયમાં ઘણાં લોકો આ તારીખે બંદી છોર દિવસ પણ ઉજવે છે.

જો રહેવાસીઓ પોતે મિત્રો અને કુટુંબીજનો સાથે આઉટડોરમાં ભેગા થવાનું પસંદ કરે તો, તેઓને કૃપા કરી આરોગ્ય અને સુરક્ષાને ઉચ્ચતમ ધ્યાનમાં લેવાનું કહેવામાં આવે છે. પ્રિયજનો અને સમુદાયને સુરક્ષિત રાખો. સારું સ્વચ્છતા શાસ્ત્ર, વ્યક્તિઓ વચ્ચે શારીરિક અંતરનો મહાવરો કરો અને ઘરે રહો જો તમે બીમાર હો.

**આતશબાજી સુરક્ષા**

દિવાળી વર્ષમાં ચાર મંજૂર કરેલા દિવસોમાંથી એક છે જ્યારે બ્રેમ્પટનમાં પરમીટ લેવાની જરૂરિયાત વગર ખાનગી મિલકત પર ટૂંકા-અંતરના ફટાકડાંની છૂટ આપવામાં આવે છે. બાય-લૉ (પેટા-કાનૂન) હેઠળ, આતશબાજીની પરવાનગી વિક્ટોરિયા ડે, કેનેડા ડે અને નૂતન વર્ષની પૂર્વ સંધ્યાએ પણ આપવામાં આવે છે.

ટૂંકા-અંતરના ફટાકડાં એ હોય છે જે ત્રણ મીટર (10 ફૂટ) કરતા ઓછું અંતર કાપતા હોય જ્યારે તે ફોડવામાં આવે (દા.ત. ફાઉન્ટેઈન્સ, વ્હીલ્સ, ગ્રાઉન્ડ સ્પિનર્સ, સ્પાર્કલર્સ). જે અંદાજે બ્રેમ્પટન ટ્રાન્ઝિટ બસ કે બાસ્કેટ બૉલના હૂપ જેટલી ઊંચા હોય.

બ્રેમ્પટનમાં રોકેટ જેવા અન્ય તમામ ફટાકડાં ફોડવાની મનાઈ છે. આ શહેર રહેવાસીઓને યાદ અપાવે છે કે ફટાકડાં સ્ટ્રીટ પર, સાઇડવૉક્સ પર, શહેરના પાર્ક્સ કે મ્યુનિસિપલ અથવા સ્કૂલની મિલકતોમાં ફોડવાની પરવાનગી નથી.

ખાનગી મિલકતમાં ટૂંકા-અંતરના ફટાકડાં ઉપયોગમાં લેતી વખતે, રહેવાસીઓએ આ સુરક્ષા સાવચેતીઓ અચૂક અનુસરવી રહી:

- ફટાકડાં હોલવવા પોતાની પાસે પાણી ભરેલું પાત્ર અથવા પાણી ભરેલી હોઝ લાઇન ઉપલબ્ધ રાખો.
- તમારા હાથમાં સ્પાર્કલર સિવાયના ફટાકડાં ક્યારેય ફોડશો નહિ કે પકડી રાખશો નહીં.
- અન્ય લોકો પર ફટાકડાં ક્યારેય ફેંકશો નહિ કે ચિંધશો નહીં.
- સ્પાર્કલર્સ ઉપયોગમાં લીધા પછી, તેનો નિકાલ કરતા પહેલાં તેને પૂરેપૂરા ઠંડા પાડવા પાણીના પાત્રમાં રાખો.
- તમામ ફટાકડાંનો નિકાલ કરતા પહેલાં તેને પૂરેપૂરા ઠંડા થવા દો.

નોંધાયેલા ફટાકડાં વિક્રેતાઓની યાદી સીટીની વેબસાઇટ પર ઉપલબ્ધ થશે. અમે ભલામણ કરીએ છીએ કે તમે ફટાકડાં લાઇસન્સ્ડ રિટેઇલર્સ પાસેથી ખરીદો.

ફટાકડાંથી સુરક્ષા અને બાય-લૉઝ (પેટા-કાનૂનો) વિશે વધુ માહિતી મેળવવા વેબસાઇટ www.brampton.ca/fireworks જુઓ.

-30-

**મિડિયા સંપર્ક** :
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ (Strategic Communication)
સીટી ઓફ બ્રેમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca